પોષણ અભિયાન અંતર્ગત ફરજ બજાવતા મિશન ડાયરેક્ટરશ્રીની જગ્યા ચાલુ રાખવાની મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંકઃ WCDD/IMR/e-file/23/2024/0512/B1 Branch

સચિવાલય, ગાંધીનગર.

વંચાણે લીધાઃ-

1. ભારત સરકાર, મહિલા અને બાળ વિકાસ મંત્રાલયનો પત્રક્રમાંક:NNM-7-2017-WBP, તા.૨૬-૦૨-૨૦૧૮.
2. મહિલા અને બાળ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક: આઇસીડી/૧૦૨૦૧૮/૧૨૩૨/બ-૧, તા.૧૯-૦૭-૨૦૧૮.
3. ભારત સરકાર, મહિલા અને બાળ વિકાસ મંત્રાલયનો પત્ર ક્રમાંક:11/4/2021-CD-I (e-95706), તા.૦૧-૦૮-૨૦૨૨.
4. સામાન્ય વહિવટ વિભાગનું તા.૧૫/૩/૨૪ નું જાહેરનામું ક્રમાંક: GAS/35.2024/07/G.1
5. મહિલા અને બાળ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક: WCDD/IMR/e-file/23/2024/0512/B1 Branch ,તા.૨૦/૦૯/૨૦૨૫
6. કમિશ્નરશ્રી (આઇસીડીએસ), મહિલા અને બાળ વિકાસની કચેરી દ્વારા તા.૦૯/૦૧/૨૦૨૬ના પત્રથી કરવામાં આવેલ દરખાસ્ત.

**આમુખ:**

વંચાણે લીધા (૧) પરના પત્રથી ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા નેશનલ ન્યુટ્રીશન મીશનના અમલીકરણ માટે વહીવટી ગાઈડ લાઇન બહાર પાડવામાં આવેલ. વંચાણે લીધા (૨) પરના વિભાગના ઠરાવથી સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરની ૦૧ જગ્યા પ્રતિનિયુક્તિના ધોરણે ભરવાની મંજુરી આપવામાં આવેલ છે. વંચાણે લીધા (૩) પરના ભારત સરકાર, મહિલા અને બાળ વિકાસ મંત્રાલયના પત્રથી મિશન સક્ષમ આંગણવાડી અને પોષણ ૨.૦ માટેની માર્ગદર્શિકા બહાર પાડવામાં આવેલ. જેમાં રાજ્યમાં અમલીકરણ કરવામાં આવી રહેલ પોષણ અભિયાનને " મિશન સક્ષમ આંગણવાડી અને પોષણ ૨.૦" કાર્યક્રમ જાહેર કરવામાં આવેલ છે. તેમાં પણ સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરની ૦૧ જગ્યા મંજૂર કરવામાં આવેલ છે. વંચાણે લીધા (૪) સામાન્ય વહિવટ વિભાગના તા.૧૫/૩/૨૪ ના જાહેરનામા થી સુશ્રી જિજ્ઞાસા પંડ્યાની મિશન ડાયરેક્ટર, નેશનલ ન્યુટ્રીશન મિશન તરીકે નિમણૂક કરવામાં આવેલ છે. વંચાણે લીધા (૫) પરના વિભાગના ઠરાવથી સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરની ૦૧ જગ્યા તા.૧/૩/૨૦૨૫ થી તા.૨૮/૨/૨૦૨૬ સુધી ચાલુ રાખવાની મંજુરી આપવામાં આવેલ છે. વંચાણે લીધા (૬) પરના કમિશનરશ્રીના પત્રથી નેશનલ ન્યુટ્રીશન મિશનની મિશન ડાયરેક્ટરની જગ્યા જેને આગામી સમયમાં ચાલુ રાખવા અંગેના અત્રે દરખાસ્ત કરવામાં આવી છે. તે બાબતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

//ઠરાવ//

કેન્દ્ર સરકારના પોષણ અભિયાન ૨.૦ અંતર્ગત મિશન ડાયરેક્ટર (સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર) નેશનલ ન્યુટ્રીશન મિશન(NNM)ની ૦૧ જગ્યા તા.૧/૩/૨૬ થી તા.૨૮/૨/૨૭ સુધી ચાલુ રાખવાની મંજુરી આપવામાં આવે છે.

આ ઠરાવ સમાનાંકી ઈ-ફાઈલ પર નાણા સલાહકારશ્રીના પરામર્શમાં સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગની તા.૨૬/૦૨/૨૦૨૬ના રોજ મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

આર.આર.પ્રજાપતિ

સેક્શન અધિકારી

મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

1. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, બ્લોક નં.૨૦, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
2. કમિશ્નરશ્રી (આઈસીડીએસ), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, બ્લોક નં.૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
3. નાણા સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
4. એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
5. પગાર અને હિસાબી અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગર/અમદાવાદ.
6. શાખા સિલેક્ટ ફાઇલ.

Signature Not Verified
Signed by : Rakeshkumar Prajapati
Section Officer
Women and Child Development Department
Date : 2026.03.05 11:00:01 IST


Open the document in Adobe Acrobat DC to verify the E-sign